## તેનપુરમાં નાણાં લેવા

# બેંકની લાઈનમાં ઉભેલા પેન્શનરનું હાર્ટ એટેકથી મોત



બાયડ, તા. ૨

બાયડના તેનપુરની એસ.બી.આઈ. શાખા આગળ આજે વધુ એક પેન્શનરે બેંકની લાઈનમાં દમ તોડયો હતો. પેન્શનરનું હાર્ટ એટેક થતા ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. વિગત એવી છે કે છેલ્લા ઘણા દિવસોથી નોટબંધીએ સૌના હાલ બેહાલ કરી નાંખ્યા છે. ચારે બાજુ લોકો વહેલી સવારથી નોટો લેવા માટે બેંકો આગળ નાણાં લેવા લાઈનમાં લાગી જાય છે. નાગરિકો રૂપિયા વગર હેરાન પરેશાન થઈ ગયા છે. આજે ૧લી તારીખે પેન્શનર અને સરકારી કર્મચારીઓના પગાર બેંકના ખાતામાં જમા થતા પેન્શનરો પોતાના નાણા લેવા લાઈનમાં લાગી ગયા હતા. ત્યારે બાયડ તાલુકાના ચંદ્રેજ ગામના પેન્શનર બાદરજી છગનભાઈ સોલંકી (ઉ.વ. ૫૮) પોતાના પેન્શનના નાણાં લેવા તેનપુર એસ.બી.આઈ. શાખામાં ગયા હતા. વહેલી સવારથી લાઈનમાં લાગેલા પેન્શનર બાદરજી ને અચાનક જ લાઈનમાં ઉભા ઉભા જ છાતીમાં દુ:ખાવો ઉપડતા હાર્ટ એટેક આવ્યો હતો અને ત્યાં જ ઢળી પડયા હતા આથી ઘટના સ્થળે જ તેમનું મૃત્યુ થવા પામ્યું હતું.

# સમગ્ર ગુજરાતની કાયાપલટ કરવા ગુજરાતનો ખેડૂત સક્ષમ : મુખ્યમંત્રી



રાજકોટ, તા. ૨

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ લોકમાતા નર્મદાના જળરાશિ ''સૌની'' યોજનાની લિન્ક-૩ દ્વારા રાજકોટ મહાનગરને જળ પહોંચાડવાના કાર્યની ખાતમૂહૂર્ત વિધિ કરતાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે રાજકોટ માટે હવે જળસંકટ ભૂતકાળ બનવાનું છે. રાજકોટવાસીઓએ વરસો સુધી વેઠેલી પાણી માટેની તંગી અને બેડા યુધ્ધોની સ્થિતિનો હવે અંત આવશે, તેવો વિશ્વાસ તેમણે આપ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જાહેર કર્યુ હતું કે, આવતા દિવસોમાં ૬૩૦૦ કરોડના વિવિધ કામગીરીના ટેન્ડર બહાર પાડીને સૌરાષ્ટ્રનું જળસંકટ નિવારવાના કામો સરકાર ઉપાડશે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના-સૌરાષ્ટ્રના જળસંકટના મુળમાં ભૂતકાળના કોંગ્રેસી શાસકોના અણઘડ આયોજન અને દ્રષ્ટીના અભાવને જવાબદાર ગણી વિકાસ વિરોધીઓને આડે હાથ લેતાં જણાવ્યું હતું કે નિરર્થક દરિયામાં વહી જતાં નર્મદાના પુરના પાણી અટકાવીને ભાજપા સરકારે નરેન્દ્રભાઈના નેતૃત્વમાં સૌની યોજના તથા કેનાલ નેટવર્ક મારફતે પાણી પહોંચાડવાનો જે પ્રારંભ કર્યો છે તે ગુજરાતને હરિતક્રાંતિનું અગ્રેસર બનાવશે.

રાજકોટવાસીઓના હદયમાં બિરાજતા આજી-૧માં માત્ર ૯૦ દિવસમાં નર્મદાના જળ પહોંચાડવાના ૩૮૫ કરોડના કામો રાજયસરકારે પારદર્શિતા અને ગતિશીલતાથી મંજૂર કર્યા તેની મુખ્યમંત્રીશ્રીએ ભૂમિકા આપી હતી. તેમણે રાજકોટનો આજી-૧ ડેમ નર્મદાના આ જળથી ૨૫ દિવસમાં પૂર્ણકક્ષાએ ભરાઈ જશે, અને રાજકોવાસીઓને ઘેર-બેઠાં નર્મદા પરિક્રમા સમાન પાણી મળતાં થશે, તેમ ઉમેર્યું હતું. રાજકોટ ખાતે ઈન્ટરનેશનલ એરપોર્ટ સ્થાપવા માટે રાજયસરકાર તરફથી ૨૮૦૦ એકર જમીન આપવાની તૈયારી મુખ્યમંત્રીશ્રીએ બતાવી હતી, અને રાજકોટને ઈન્ટરનેશનલ કનેક્ટિવિટી અપાવવા માટેની રાજય સરકારની પ્રતિબદ્ધતા દોહરાવી હતી. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈએ ''સૌની'' યોજના અંતર્ગત આજી-૧ ડેમને નર્મદાના પાણીથી ભરવાની મચ્છુ-૧ થી આજી-૧ ડેમ સુધીની પાણીની પાઈપલાઈન બિછાવવાના કામનું રીમોટ કંટ્રોલ વડે ડિજિટલ તકતીથી અનાવરણ કર્યુ હતું.

## મહાત્મા મંદિર ખાતે

# ત્રિદિવસીય વેસ્ટેક ઈન્ટરનેશનલ એકસ્પોનો પ્રારંભ



ગાંધીનગર, તા. ૨

રાજયમાં ઉદભવતા 'કચરામાંથી કંચન' બનાવવા આ ત્રિદીવસીય સમિટ પ્રેરણારૂપ સાબિત થશે. પર્યાવરણ જાળવવા અને પ્રદૂષણ ઘટાડવાના હેતુથી ટેકનોલોજીના માધ્યમથી ત્રિદિવસય ઈન્ટરનેશનલ સમિટને પ્રથમવાર ઝીરો વેસ્ટ સમિટ બનાવવાનો નવતર પ્રયાસ રાજ્ય-કેન્દ્ર સરકાર અને સમિટમાં ભાગ લઈ રહેલી વિવિધ ઈન્ટરનેશનલ કંપનીઓના સહયોગથી કરવામાં આવશે જેને આપ સૌ ઓનલાઈન પણ નિહાળી શકશો, તેમ આજે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ત્રિદિવસીય વેસ્ટેક ઈન્ટરનેશનલ એકસ્પોનું ઉદઘાટન કરતાં પર્યાવરણ મંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું.

વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ અને જી.પી.સી.બી.ના ચેરમેન અરવિંદ અગ્રવાલે પ્રદર્શનની માહિતી આપતા જણાવ્યું હતું કે, તા. ૨-૩ અને ૪ ડિસેમ્બર દરમિયાન યોજાનાર આ ત્રિદિવસીય ઈન્ટરનેશનલ એક્સપોમાં ૫,૦૦૦ ચો.મીટરના આ પ્રદર્શનમાં ૧૦૬ પ્રદર્શકો અને ૨૦ વૈશ્વિકકક્ષાની કંપનીઓ ભાગ લઈ રહી છે. અંદાજે ૧૦ હજારથી વધુ લોકો આ પ્રદર્શનની મુલાકાત લેશે. વાયબ્રન્ટ સમિટ-૨૦૧૭ના ભાગ રૂપે આજની પ્રિ-ઈવેન્ટ્સ પર્યાવરણ જાળવવામાં ખૂબ જ મદદરૂપ થશે. આ અગાઉ પણ ૨૦૧૪માં પ્રથમવાર વેસ્ટેક સમિટ યોજાઈ હતી. આજની ત્રિદિવસીય વેસ્ટેક સમિટમાં જર્મની, તાઈવાન, અને ઓસ્ટ્રેલિયાની વિવિધ કંપનીઓ ભાગ લઈ રહી છે, જે વેસ્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે નવા કિર્તીમાન પ્રસ્થાપિત કરશે. જી.પી.સી.બી.ના સહયોગથી ગુજરાતમાં કલીનર પ્રોડેક્ટ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે જે અન્ય રાજ્યો માટે પ્રેરણાસ્ત્રોત બન્યું છે. વિશ્વને પ્રદૂષણ મુક્ત બનાવવા માટે આપણે સૌએ સાથે મળીને પ્રયાસો કરવા પડશે, તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

# કેશલેસ વેવ : સોમવારથી ટ્રેનિંગ પ્રક્રિયા

અમદાવાદ, તા. ૨

નોટબંધીની પીડાને ઓછી કરવાના હેતુસર ગુજરાત સરકાર ડિજિટલ નાણાકીય લેવડદેવડને પ્રોત્સાહન આપવાના હેતુસર તથા લોકોને ટ્રેનિંગ આપવા માટે સોમવારથી વ્યાપક જનજાગૃત્તિ ઝુંબેશ હાથ ધરવાની તૈયારી કરી દીધી છે. રાજ્ય સરકારે તમામ સંબાંધિત વિભાગોને કેશલેસ લેવડદેવડ અંગે લોકોને જાગૃત કરવા માટે વિસ્તૃત યોજના તૈયાર કરવા પહેલાથી જ સૂચના આપી દીધી છે. પ્રથમ તબક્કામાં સરકારી અધિકારીઓ સરદાર પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન અને ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટયુર ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ ઈન્ફોમેટિકસમાં હાથ ધરશે. આ સંદર્ભમાં ચીફ સેક્રેટરી જેએન સિંહે હાલમાં જ જુદા જુદા એમ્પ્લોઈઝ એસોસિએશન સાથે વાતચીત કરી હતી. સિંહે કહ્યું હતું કે, કર્મચારીઓને જાગૃત કરવામાં આવશે.

કર્મચારીઓની સાથે સાથે સામાન્ય લોકોને મુશ્કેલીમાંથી બહાર કાઢવા માટે ટ્રેનિંગ આપવામાં આવશે. સોમવારથી આ કવાયત હાથ ધરવામાં આવશે. સાથ લાખથી વધુ સરકારી કર્મચારીઓ આ સમગ્ર કવાયતમાં જોડાશે. ડિજિટલ લેવડદેવડમાં સાત લાખ કર્મચારીઓ ટ્રેનિંગમાં જોડાશે જેનો મુખ્ય હેતુ લોકોને તકલીફ ન પડે તો રહેશે. ગુજરાતમાં ઈ-ટ્રાન્ઝીક્શન ઉપર સિમ્પલ ટ્રેનિંગ મોડલ હાથ ધરવામાં આવનાર છે. તમામ એમ્પલોઈઝ યુનિયન અને સરકારી વિભાગના અધિકારીઓ આ ઝુંબેશમાં સામેલ થઈ શકે છે. આધારકાર્ડના ડેટાનો ઉપયોગ લોકો સુધી પહોંચવા માટે કરવામાં આવશે. સરકારી સંસ્થાઓ, કોર્પોરેશન, મ્યુનિસિપલ સંસ્થાઓ અને બેંકોને પણ પબ્લિક ટ્રેનિંગ આપવા માટે કહેવામાં આવ્યું છે. ઓર્ગેનાઈઝ્ડ સેકટરમાં રહેલી ઈન્ડસ્ટ્રીઓને પણ કહેવામાં આવ્યું છે. તેમના કર્મચારીઓને તાલીમ આપવા માટે આ તમામનો કહેવામાં આવ્યું છે. સૌથી પહેલા ચાર મુખ્ય શહેરો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં લોકો ઉપર ધ્યાન કેન્દ્રિત કરાશે. સોશિયલ મિડિયા મારફતે મોબાઈલ સર્વિસ પ્રોવાઈડરો ટ્રેનિંગ મોડલ મોકલશે.

### ગાંધી ૧૦૦

● ૪ પાનાનું ચાલુ...

ગાંધીજીએ નામ કાઢ્યું હતું. તેમ છતાં જેમને તેઓ લૂંટી લેતા તેઓ પણ તેમને હંમેશાં આવકારતા અને તેમનામાં વિશ્વાસ મૂકતા હતા. કારણ કે જાહેર જીવનમાં આ મુઠ્ઠી ઊંચેરા માનવીએ તમામ બાબતોનો ચોખ્ખો ચણાક હિસાબ આપ્યો હતો.'

સંદર્ભ :

'બહુરૂપી ગાંધી' - પુસ્તક, લેખક : બંદોપાધ્યાય, અનુવાદ : જીતેન્દ્ર દેસાઈ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

### તજ્ઞો તૈયાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ નાણાંકીય વર્ષમાં બાકી મહિનાઓ એટલે કે, આગામી વર્ષે માર્ચ સુધી વધુ એક વખત ૦.૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવશે. બીજી બાજુ દેશના મોટા બોન્ડ હાઉસમાંથી એક એસટીસીઆઈ પ્રાઈમરી ડીલરના મેનેજિંગ ડિરેક્ટર પ્રદીપ માધવે કહ્યું હતું કે, જો રિઝર્વ બેંક રેટમાં અડધા ટકાનો પણ ઘટાડો કરે છે તો હેરાનગતિ થશે નહીં. બેંક ઓફ અમેરિકા મેરિલ લિંચે ફાઈનાન્સિયલ વર્ષ ૨૦૧૭ માટે જીડીપી ગ્રોથનો અંદાજ અડધા ટકા ઘટાડીને ૬.૯ ટકા કરી દીધો છે. તે સપ્ટેમ્બર ૨૦૧૭ સુધી વ્યાજદરમાં ૦.૭૫ ટકાના ઘટાડાની અપેક્ષા રાખી શકે છે.

### લાઈનો યથાવત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધારે ચિંતાજનક બાબત એ છે કે દેશના મોટા ભાગના વિસ્તારોમાં એટીએમ હજુ પણ ખાલી છે. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ ૨૪ દિવસ થયા છે છતાં સ્થિતી હજુ પણ હળવી બની રહી નથી.બ્લેકમનીને રોકવા માટે આઠમી નવેમ્બરના દિવસે નોટબંધીની જાહેરાત કરવામાં આવી હતી. આજે ૨૪માં દિવસે પણ બેંકો અને એટીએમ ઉપર લાંબી લાઈનો જોવા મળી હતી.આગામી થોડાક દિવસમાં જ સ્થિતિને હળવી કરવાના પ્રયાસને વધુ અસરકારક બનાવી દેવામાં આવે તેવી શક્યતા છે. ગુરુવારના દિવસે ઘણી બધી બેંકોમાં પગાર જમા થઈ ગયા હતા. બેંક ઓફિસની બહાર મોટી સંખ્યામાં લોકો આજે ભેગા થયા હતા અને લાંબી લાઈનો તેમના પૈસા ઉપાડવા માટે જોવા મળી હતી. સ્થિતિ હવે વણસી શકે છે. દેશના મોટાભાગના એટીએમને વ્યવસ્થિત કરવાની કામગીરી ચાલી રહી છે. પરંતુ આ કામગીરી અપૂરતી દેખાઈ રહી છે. મોટાભાગના એટીએમ હજુ પણ બંધ સ્થિતિમાં છે. જો કે, બેંકોએ સ્થિતિને હળવી કરવાના પ્રયાસો જારી રાખ્યા છે.

### પ્રમોલગેશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અરજદારોએ રજુ કરવાની રહે છે. આ પછી પ્રમોલેશનને અંતે મિલ્કતોના રેકર્ડનું પ્રોપર્ટીકાર્ડ તૈયાર કરવામાં આવી રહેલ છે.

સેકટરોની ઈન્કવાયરી કચેરીઓ, આરોગ્ય કેન્દ્રો, મનપાની કચેરી, વોર્ડ કચેરી ખાતે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવી છે. ૩જી જાન્યુઆરીના રોજ રૂબરૂ રજુઆત સાંભળી મિલ્કતોને પ્રમાણિત કરવામાં આવનાર છે.

ગાંધીનગર શહેરની રચના થયા બાદ શહેરની જમીનની ટોટલ માપણી કરવામાં આવેલ છે. તે પણ આધુનિક સંશોધનોની મદદથી જિલ્લાના રિસર્વે પ્રોજેકટ હેઠળ આ માપણી કરવામાં આવી છે.

### શહેરના બજારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોલ અને સિનેમાઘરો ખાલીખમ ભાસી રહયા છે. નાગરિકો મનોરંજન માટે વિશેષ ખિસ્સા ખર્ચી કરવાના મુડમાં નથી. અલબત્ત નોકરિયાત વર્ગ પાસે હાલ વધારાના ખર્ચ માટે કોઈ બજેટ નથી. આડા દિવસે વેઈટીંગ બતાવતી હોટલો અને ખાણીપીણી બજારમાં પણ ખાલીપો જોવા મળે છે. શહેરમાં રોજબરોજ નાનો મોટો ધંધો કરી પેટીયુ રળતા વેપારીઓ પણ મુંઝવણભરી સ્થિતિમાં મુકાયા છે. જયારે શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં પણ અનોખો ખાલીપો જોવા મળી રહયો છે. દિવાળી બાદ સતત એક મહીનાથી બજારમાં ભીડભાડ જોવા મળતી નથી. શાકભાજી સહીતની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવોમાં પણ ઘટાડો થયો છે.આમછતા વેપારીઓ ઘરાકી ન હોવાની બુમ પાડી રહયા છે. આમ નાગરિકો પોતાની જરૂરિયાત સંતોષવા સહીત આર્થિક વ્યવ્હાર નિભાવવા માટે દોડધામ કરે છે. જયારે મંદીનુ મોજુ ફરી વળ્યુ હોવાની લાગણી સાથે ધંધો ક્યારે ધમધમતો થશે તેના વિચારમાં દિવસ ગાળતા વેપારીઓ પણ બજારની સ્થિતિનુ નિરિક્ષણ અને ચર્ચા કરતા નજરે પડે છે. નોટબંધીથી પ્રભાવિત વેપાર ધંધાના લીધે દિવસ દરમિયાન કેશ કાઉન્ટર ઓપન કરવાનો પણ વારો ન આવતો હોવાનુ કેટલાક વેપારીઓ જણાંવી રહયા છે. છેલ્લા ૨૪ દિવસથી કામ ધંધા ઠપ્પ થઈ ગયા છે. ત્યારે બજારની હાલતમાં ક્યારે સુધાર આવશે તે મામલે વેપારીઓ ચિંતિત છે.

### અભિયાન હાથ ધરાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામ પુર્ણ કરી દેવાયુ છે.જયારે હવે શહેરના મુખ્યમાર્ગો પર માર્ગ મકાન વિભાગ દ્વારા સુચવાયેલા રૂટમાં ટ્રીમીંગની કામગીરી હાથ ધરાશે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ વિદેશના મહાનુભાવો નગરના મહેમાન બને છે. ત્યારે વનતંત્ર દ્વારા વન આરક્ષિત જગ્યામાં સ્થિત ફેન્સીંગનુ પણ નવિનીકરણ કરવામાં આવશે બીજીતરફ વૃક્ષોના ટ્રીમીંગનુ કામ પણ હાથ ધરાશે. માર્ગ મકાન વિભાગ દ્વારા ટ્રીમીંગ યોગ્ય રીતે હાથ ધરાય તે માટે વનતંત્રને રૂટની યાદી પણ સુપ્રત કરવામાં આવી છે.

### યોજના અદ્ધરતાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ મામલે કોઈ નિર્ણય ન લેવાતા સેકટરોના એપ્રોચ રસ્તા પર માર્ગ સલામતી જોખમમાં મુકાતા દ્રશ્યો સર્જાય છે. સેકટરોના એપ્રોચ માર્ગો પર વાહનોની અવરજવર વધી છે. જયારે સેકટરોના આંતરિક માર્ગો પર ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. આવા સંજોગોમાં મુખ્ય રસ્તાઓને જોડતા એપ્રોચ માર્ગોનુ વાઈડનીંગ થાય તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સેકટરોના આંતરિક રસ્તાઓ પર અકસ્માતોનુ પ્રમાણ વધ્યુ છે. ત્યારે એપ્રોચ માર્ગોને ફોરલેન કરવાની સાથે આસપાસ સ્થિત વોક વે ને પણ નિયત અંતરે દુર કરવા માટે પણ કાર્યયોજનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ તંત્ર દ્વારા વિભાગને સુપ્રત કરાયેલી દરખાસ્ત અન્વયે કોઈ નિર્ણય ન લેવાતા આખી યોજના હજુ પણ અધ્ધરતાલ છે.

## બેંક શાખાઓમાં લોકો હજુ પણ લાંબી લાઈનોમાં

# ઘણાંને રોકડ અને અનેકને ટોકન આપી દેવાયાં

## કર્મચારીઓના પગાર બેંકોમાં જમા થઈ ગયા છે પરંતુ મળ્યા નથી

## જે લોકોને રોકડ મળી છે તેમને પણ ખૂબ ઓછી રકમ મળી

અમદાવાદ,તા. ૨

પહેલી ડિસેમ્બર બાદથી પગાર કર્મચારીઓના બેંકોમાં જમા થઈ ચુક્યા છે. ઉપાડ માટે લાંબી લાઈનો હજુ પણ જોવા મળી રહી છે. ઘણા લોકોને નિરાશા હાથ લાગી રહી છે. મોટાભાગની બ્રાંચો ઉપર ઉપાડ માટે લાઈનો જોવા મળી હતી. ખુબ ઓછી રકમ ઉપાડવા માટે બેંકો મંજુરી આપી રહી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, બેંકમાં પગાર પુરતો જમા થઈ રહ્યો છે પરંતુ ખુબ ઓછી ઉપાડની મંજુરી મળી રહી છે. બીજી બાજુ પગારના દિવસે જ કેટલાકને રોકડ મળી શક્યા છે જ્યારે કેટલાકને ટોકન મળી રહ્યા છે જેના માટે પૈસાની ચુકવણી આવતીકાલે શનિવારે પણ કરવામાં આવનાર છે. પેપર ટોકન કસ્ટમરોને મળી ગયા છે જેથી બેંકરોને લાંબી લાઈનોથી રાહત મળી છે. શુક્રવારના દિવસે ઉપાડ માટેના ટોકન ગુરુવારે જ મળી ગયા હતા. આગામી દિવસોમાં ટોકન પણ લોકો મેળવી ચુક્યા છે. આરબીઆઈ, સરકાર અને અન્યો દ્વારા તમામ પ્રયાસો સ્થિતીને સામાન્ય બનાવવા યુદ્ધના ધોરણે કરવામાં આવી રહ્યા છે પરંતુ તકલીફ અકબંધ રહી છે. નોટબંધી બાદ પગારના દિવસોમાં બેંકો પર ધસારો જોવા મળી રહ્યો છે. પગાર બેંકોમાં જમા થયા બાદ કર્મચારીઓમાં પણ ઉપાડને લઈને બેંકોમાં આજે ત્રીજા દિવસે જટિલ સ્થિતી સર્જાઈ હતી.

સવારથી જ પૈસા ઉપાડી લેવા માટે લોકોની લાંબી લાઈનો જોવા મળી હતી. ૮મી નવેમ્બરના દિવસે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદથી છેલ્લા ત્રણ સપ્તાહથી લોકોની હાલત કફોડી બનેલી છે. દરરોજ બેંકો અને એટીએમ ઉપર લાંબી લાઈનો જોવા મળી રહી છે. નોટબંધીના કારણે સામાન્ય લોકો હજુ પણ પૈસા ઉપાડી લેવાને લઈને મુશ્કેલી અનુભવી રહ્યા છે. બેંકરોને દહેશત છે કે ઘણા બધા એટીએમ હજુ પણ યોગ્ય રીતે કામ કરી રહ્યા નથી. ઉપાડની મર્યાદા બેંકો હાલમાં ઘટાડી શકે છે. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ ઉભી થયેલી રોકડ કટોકટીને હળવી કરવાના તમામ પ્રયાસો સરકાર અને આરબીઆઈ દ્વારા કરાઈ રહ્યા છે ત્યારે આરબીઆઈએ કેશ સપ્લાયને ચાર ગણા સુધી વધારી દીધો છે. જોકે બેન્કોમાં હજુ પણ રોકડ કટોકટી યથાવત રીતે જોવા મળી રહી છે. બેંક શાખાઓ ઉપર પ્રવર્તી રહેલી રોકડ કટોકટીને ધ્યાનમાં લઈને સરકારે ૫૦૦ રૂપિયાની નોટ વધુ છાપવાને વધુ મહત્વ આપ્યું છે અને એવી આશા વ્યક્ત કરી છે કે નવી નોટનો નવો જથ્થો આગામી થોડાક દિવસમાં સ્થિતિને હળવી કરી દેશે. દેશભરમાં બેંકોમાં રોકડ કટોકટી યથાવત રીતે જોવા મળી રહી છે. ત્યારે હવે આરબીઆઈ દ્વારા કેશ સપ્લાયસને ચાર ગણી વધારી દેવા તૈયારી કરી લીધી છે. વધારે ચિંતાજનક બાબત એ છે કે દેશના મોટા ભાગના વિસ્તારોમાં એટીએમ હજુ પણ ખાલી છે. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ ૨૪ દિવસ થયા છે છતાં સ્થિતી હજુ પણ હળવી બની રહી નથી.બ્લેકમનીને રોકવા માટે આઠમી નવેમ્બરના દિવસે નોટબંધીની જાહેરાત કરવામાં આવી હતી. આજે ૨૪માં દિવસે પણ બેંકો અને એટીએમ ઉપર લાંબી લાઈનો જોવા મળી હતી.આગામી થોડાક દિવસમાં જ સ્થિતિને હળવી કરવાના પ્રયાસને વધુ અસરકારક બનાવી દેવામાં આવે તેવી શક્યતા છે. ગુરુવારના દિવસે ઘણી બધી બેંકોમાં પગાર જમા થઈ ગયા હતા. બેંક ઓફિસની બહાર મોટી સંખ્યામાં લોકો આજે ભેગા થયા હતા અને લાંબી લાઈનો તેમના પૈસા ઉપાડવા માટે જોવા મળી હતી. સ્થિતિ હવે વણસી શકે છે. દેશના મોટાભાગના એટીએમને વ્યવસ્થિત કરવાની કામગીરી ચાલી રહી છે. પરંતુ આ કામગીરી અપૂરતી દેખાઈ રહી છે. મોટાભાગના એટીએમ હજુ પણ બંધ સ્થિતિમાં છે. જો કે, બેંકોએ સ્થિતિને હળવી કરવાના પ્રયાસો જારી રાખ્યા છે.

# મહેસાણા શહેરમાં સહયોગના ચાર એકમોમાં કેશલેસ વ્યવહાર થશે

## ટુંક સમયમાં સહયોગની સંલગ્ન સંસ્થાઓ પણ કેશલેસ

મહેસાણા, તા. ૨

કેશલેસની દિશામાં જિલ્લો આગે કદમ કરી રહ્યો છે. મહેસાણા જિલ્લાની ધરોહર દુધસાગર ડેરીના સહયોગ સંસ્થાના ચાર એકમો દ્વારા કેશલેસ વ્યવહારની શરૂઆત કરાઈ છે. અધિક નિવાસી કલેકટર રમેશ મેરજા દ્વારા પીઓએસ મશીનનો પ્રારંભ કરાવ્યો હતો. પ્રથમ ગ્રાહક તરીકે કાર્ડ સ્કેચ કરી અધિક કલેકટર રમેશ મેરજાએ સહયોગની પ્રોડેક્સ ખરીદી હતી.

અધિક નિવાસી કલેકટર રમેશ મેરજાએ જિલ્લા રજિસ્ટ્રારને અન્ય સંસ્થાઓમાં પણ આ પ્રકારના પીઓએસ મશીન ઝડપથી લગાવવા સુચનો કર્યા હતા. દુધસાગર ડેરીની સહયોગ પ્રોવિઝન, ગેસ, મિલ્ક, આઈસક્રિમ અને પ્રોવિઝન સ્ટોર પર આજથી કેશલેસ વ્યવહાર શરૂ થયો છે. ટુંક સમયમાં સહયોગની સંલગ્ન સંસ્થાઓમાં પણ કેશલેસ વ્યવહાર કરવામાં આવશે તેમ ડેરીના અધિકારીઓ જણાવ્યું હતું.

કેશલેસ પ્રક્રિયા પારંભમાં જિલ્લા રજિસ્ટ્રાર પ્રતિક ઉપાધ્યાય સહિત બેન્ક અને સહયોગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.